જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૪/૦૩/૨૦૨૧ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૫૪૫/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૩/૦૩/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૩૧૭	૧	૧૧૩૧૮	૧૭૪૩૭	૧	૧૭૪૩૮
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૩	૦	૪૭૦૩	૬૨૨૬	૦	૬૨૨૬
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૭૦	૦	૭૦	૨૭૮	૦	૨૭૮
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૨૯૯૮૦	૧૪૪	૩૦૧૨૪	૩૧૩૪૪	૧૬૦	૩૧૫૦૪
કુલ		૪૬૦૭૦	૧૪૫	૪૬૨૧૫	૫૫૨૮૫	૧૬૧	૫૫૪૪૬

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૩૦	૧૦,૭૦,૮૫૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૭૩૦	૭,૩૦,૦૦૦/-

નકલી પી.એસ.આઇ ને પી.એસ.આઇ ના યુનીફોર્મ તથા બનાવટી ઓળખ કાર્ડ સાથે પકડી પાડતી રામોલ પોલીસ

રામોલ પોલીસ સ્ટેશન :

બે ફોર વ્હીલર ગાડી તથા મોબાઈલ ફોન નંગ:૦૩ તથા બનાવટી ઓળખ કાર્ડ તથા પી.એસ.આઇ નો યુનીફોર્મ મળી કુલ્લે કીમત રૂપીયા ૮,૨૬,૮૦૦/- ના મુદ્દામાલ સાથે બે ઈસમો ઝડપાયા

તારીખ:૨૩/૦૩/૨૦૨૧ ના રોજ સર્વે સ્કોડના પો.સ.ઈ બી.આર.ભાટી તથા સ્ટાફના માણસો સાથે પો.સ્ટે વીસ્તારમાં પેટ્રોલીંગમા હતા દરમ્યાન રામોલ રાજીવનગરના ટેકરા પાછળ ગોપીડેરીના ગોડાઉન સામે આવતા એક સ્વીફ્ટ ડીઝાઈર ગાડી નં.GJ.02.ZZ.4426 ની સકમંદ જણાઈ આવતા પંચોના માણસો બોલાવી ગાડીના ચાલક આરોપી નં.૧ કનુભાઈ ગીરધરદાસ પટેલ ઉવ:૫૧ રહે:એ/૩૦૪ શ્રીપદ રેસીડેન્સી સ્વંભુ હોસ્પીટલ પાસે વસ્ત્રાલ અમદાવાદ શહેર નાઓની પુછપરછ કરતા સદર ગાડી પોતાના જમાઈ પી.એસ.આઈ જે.વી.બીહોલા નાઓની હોવાની જણાવી પોતાના જમાઈને સ્થળ ઉપર બોલાવતા આરોપી નં.૨જગતસિંહ વિજયસિંહ બીહોલા ઉવ:૩૦ રહે:ડી/૩૦૫ ગેલેક્ષી સ્પેશીયા નીકોલ રીંગરોડ અમદાવાદ શહેર નો નંબર વગરની હુન્ડાઈ ક્રેટા ફોર વ્હીલર ગાડી લઈ પી.એસ.આઈનો યુનીફોર્મ પહેરી આવી પોતે પી.એસ.આઈ હોવાની ખોટી ઓળખ આપી પોતાનુ બનાવટી ઓળખ કાર્ડ રજુ કરી જે શકમંદ જણાતા સદરી બન્ને આરોપીઓને પોલીસ સ્ટેશન ખાતે લાવી પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી કે.એસ.દવે સાહેબ નાઓના માર્ગદર્શન મુજબ બન્ને આરોપીઓની વધુ પુછપરછ કરતા આરોપી નં.૨ નાએ પોતે પી.એસ.આઈ નહી હોવાનુ જણાવી પોતાને પી.એસ.આઈ બનવાનો શોખ હોય જેથી પી.એસ.આઈનો યુનીફોર્મ ખરીદી કરી પહેરેલ અને બનાવટી ઓળખકાર્ડ બનાવેલ હોવાની કબુલાત કરતા બન્ને આરોપીઓના કબજાની અલગ અલગ ફોર વ્હીલર ગાડી તથા અલગ અલગ કંપનીના મોબાઈલ ફોન નંગ:૦૩ તથા બનાવટી ઓળખકાર્ડ તથા પી.એસ.આઈ નો યુનીફોર્મ તથા રોકડા રૂપીયા મળી કુલ્લે કીમત રૂપીયા ૮,૨૬,૮૦૦/- નો મુદ્દામાલ કબજે કરી બન્ને આરોપીઓ વિરૂધ્ધ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ગુ.ર.નં.૧૧૧૯૧૦૨૪૨૧૦૩૪૦/૨૧ ઈપીકો કલમ ૧૭૦,૧૭૧,૪૬૫, ૪૬૮, ૪૭૧, ૧૧૪ મુજબનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

લુંટના ગુનાના આરોપીની અટકાયતની વિગત

નરોડા પોલીસ સ્ટેશન :

પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન “લુંટના ગુનાના” એક આરોપીને ગતરીના કલાકોમાં મુદ્દામાલ સાથે પકડી પાડતી નરોડા પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પો.કમેશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા ના.પો.કમીશ્નર શ્રી ઝોન-૪ નાઓએ મિલકત સબંધી ગુનાઓ શોધી કાઢવા તેમજ ગુના બનતા અટકાવવા સારૂ પેટ્રોલીંગ રાખવા સુચના કરેલ હોઇ જે અનુસંધાને મ.પો.કમીશ્નરશ્રી “જી” ડીવીઝન નાઓએ સુચના કરેલ હોય જે અનુસંધાને નરોડા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી પી.બી.ખાંભલા નાઓના માર્ગદર્શન હેઠળ સર્વે સ્કોડના પો.સબ.ઇન્સ.એ.એમ.પટેલ તથા માણસો પેટ્રોલીંગ હતા દરમ્યાન સાથેના પો.કો. વિષ્ણુભાઇ હિરાભાઇ તથા એલ.આર. ધુમકેતુ આત્મારામભાઇ નાઓની સંયુક્ત બાતમી હક્કિત આધારે નરોડા ભાગોળ પાસેથી નરોડા પોલીસ સ્ટેશન પાર્ટ-એ-૧૧૧૯૧૦૩૫૨૧૦૩૮૦/૨૦૨૧ આઇ.પી.સી.કલમ- ૩૯૪,૪૨૭ મુજબનો ગુનો નોધાયેલ જે ગુનાના કામના આરોપી ને નરોડા ભાગોળ કુવારા ખાતેથી પકડી તેનુ નામ ઠામ પુછી અગાઉનો ગુનાહીત પોકેટ કોપમાં ચેક કરતાં જેનો ગુનાહીત ઇતીહાસ મળી આવેલ જેના આધારે આરોપી નામે વિષ્ણુભાઇ ઉર્ફ વિક્કી સ/ઓફ ભાણજીભાઇ પરમાર(ઝંડાવાળો) રહે, નહેરૂનગરના છાપરા મ્યુનીસીપલ ડ્રેનેજ પંપીગ સ્ટેશન પાસે કુબેરનગર સરદારનગર અમદાવાદ શહેર નાને ઉપરોક્ત ગુનાના લુંટ કરી લઇ ગયેલ પાકીટ જેમાંથી ફરીશ્રીનુ આધાર કાર્ડ તથા રોક્ડ રકમ ૪૫૦૦/- મળી આવતાં સદર આરોપીને ઉપરોત ગુનાના કામે તા.૨૩/૦૩/૨૦૨૧ ના કલાક ૨૨/૪૫ વાગે મુદ્દામાલ સાથે પકડી કાયદેશરની કાર્યવાહી કરી સારી કામગીરી કરેલ છે.

તા-૨૩/૦૩/૨૦૨૧.

વોન્ટેડ -રાહુલ અતુલભાઇ પરમાર(ઝંડાવાળા) રહે, નહેરૂનગર કુબેરનગર સરદારનગર અમદાવાદ.

મુદ્દામાલ – લુંટ કરી લઇ ગયેલ રોકડ રૂપીયા ૪૫૦૦/-

કામગીરી કરનાર અધિકારી / કર્મચારી

સર્વે.સ્વોડ પો.સ.ઇ. એ.એમ.પટેલ તથા એ.એસ.આઇ જેઠાભાઇ બહેચરભાઇ બ.નં-૮૦૩૨ તથા પો.કોન્સ પંકેશભાઇ ધનાભાઇ બ.નં. ૪૦૫૬ પો.કો.પીયુષ નટવરલાલ બ.નં.૧૦૧૭૬ તથા પો.કો. વિષ્ણુભાઇ હીરાભાઇ બ.નં-૧૩૧૮૩ તથા પ્રદીપકુમાર રામાભાઇ બ.નં.૧૦૩૬૧ તથા પો.કો. પ્રકાશભાઇ ભીખાભાઇ બ.નં.૧૧૮૦૯ તથા એલ.આર.પ્રવિણભાઇ વાઘાભાઇ બ.નં.૫૧૬ તથા એલ.આર.મયુરધ્વજસિંહ અનિરૂધ્ધસિંહ બ.નં-૧૪૬૭ તથા એલ.આર. તથા એલ.આર. ધુમકેતુ આત્મારામભાઇ બ.નં.૧૨૩૨ વિક્રમ પ્રેમસિંહ બ.નં.૧૨૪૨૨ તથા એ.આર.અભિષેક અશ્વિનકુમાર બ.નં.૭૦૦૫. તથા નરોડા વન ગાડીનો સ્ટાફ

આરોપીઓના નામ

વિષ્ણુભાઇ ઉર્ફ વિક્કી સ/ઓફ ભાણજીભાઇ પરમાર(ઝંડાવાળો) રહે, નહેરૂનગરના છાપરા મ્યુનીસીપલ ડ્રેનેજ પંપીગ સ્ટેશન પાસે કુબેરનગર સરદારનગર અમદાવાદ શહેર



જુગારના ગુનાના આરોપીની અટકાયતની વિગત

કૃષ્ણનગર પોલીસ સ્ટેશન :

જુગારનો ગણનાપાત્ર કેશ શોધી કાઢતી કૃષ્ણનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જી" ડિવીઝન નાઓએ અમદાવાદ શહેર તથા ઉપલી કચેરી તરફથી હાલમાં ચાલી રહેલ કોરોના વાયરસની વૈશ્વીક મહામારીને લઇને કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તેમજ પ્રોહી-જુગાર ની ડ્રાઇવ અનુસંધાને પો.સ્ટે વિસ્તારમાં કોઇ અનિચ્છનીય બનાવ ન બને તેમજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહી/જુગાર ની પ્રવૃત્તી નેસ્ટ નાબુદ કરવા તેમજ અન્ય કામગીરી સારૂ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ના પોલીસ ઇન્સ્પેકટર શ્રી એ.જે.ચૌહાણ સા.નાઓની સુચના મુજબ સર્વે.સ્કોર્ડના પો.સબ.ઇન્સ શ્રી વી.એમ.ગોહિલ તથા સાથેના સ્ટાફના માણસો તા.૨૩/૦૩/૨૦૨૧ ના રોજ ઉપરોકત કામગીરી સારૂ પો.સ્ટે વિસ્તારમાં કલાક.૧૭/૦૦ વાગ્યાથી પેટ્રોલિંગમાં હતા દરમ્યાન ફરતા-ફરતા કલાક.૧૭/૩૫ વાગે ઠક્કરનગર ચાર રસ્તા પાસે આવતા સર્વેલન્સ સ્કોર્ડના **અ.પો.કોન્સ સંજયસિંહ ભરતસિંહ બ.નં-૧૦૧૮૮** નાઓને ખાનગી બાતમી હકિકત મળેલ કે " ઠક્કરનગર બસ સ્ટેન્ડ સામે બગીચા ગલી બીજા માળે આવેલ મ.નં-૧/૧૧૪ ખાતે મકાન ની અંદર **વિમળા ઉર્ફે બબલી રાજેશભાઇ જાંજાણી** નામની મહિલા પોતાના રહેણાંક મકાનમાં કેટલીક સ્ત્રીઓને બોલાવી જુગાર નો અડ્ડો ચલાવે છે અને હાલમાં જુગારનો અડ્ડો ચાલુ છે " જે બાતમી હકીકત આધારે સદરી જગ્યા ઉપર સાથેના સ્ટાફના માણસો તેમજ મહિલા પોલીસ તથા પંચોના માણસોને સાથે રાખી સદરી જગ્યાએ સીડી વાટે બીજા માળે થઇ મકાન ની અંદર જઇ રેઇડ કરી જુગાર રમતા સાત મહિલા આરોપીઓને અંગજડતીના રોકડા નાંણા રૂ.૧૨,૮૬૦/-તથા દાવ ઉપરથી મળેલ રોકડ નાંણા રૂ.૧,૮૦૦/-તથા નાળ ના નાણા રૂ.૧,૦૦૦/-મળી કુલ્લે રોકડ કિ.રૂ.૧૫,૬૬૦/- તથા ગંજીપાના નંગ ૫૨ કિ.રૂ.૦૦/૦૦ તથા મો.ફોન નંગ-૦૫ કુલ્લે કિ.રૂ.૩૦,૫૦૦/-મળી કુલ્લે કિ.રૂ.૪૬,૧૬૦/-ના મુદ્દામાલ ના સાથે ક.૨૦/૧૫ વાગે પકડી પાડી સારી કામગીરી કરેલ છે તા.૨૩/૦૩/૨૦૨૧

મહિલા આરોપીઓના નામ :-

(૧)વિમળાબેન ઉર્ફે બબલી ડો/ઓ રાજેશભાઇ પુરષુમલ જાતે જાંજાણી ઉ.વ.૨૫ રહે,મ.નં-૧/૧૧૪,બગીચા ગલી ઠક્કરનગર બસ સ્ટેન્ડ ની પાસે ઠક્કરનગર કૃષ્ણનગર અ'વાદ શહેર +૬=૭

મુદ્દામાલ :- અંગજડતીના રોકડા નાંણા રૂ.૧૨,૮૬૦/-તથા દાવ ઉપરથી મળેલ રોકડ નાંણા રૂ.૧,૮૦૦/-તથા નાળ ના નાણા રૂ.૧,૦૦૦/-મળી કૂલ્લે રોકડ કિ.રૂ.૧૫,૬૬૦/-તથા ગંજીપાના નંગ ૫૨ કિ.રૂ.૦૦/૦૦ તથા મો.ફોન નંગ-૦૫ કુલ્લે કિ.રૂ.૩૦,૫૦૦/-મળી કુલ્લે કિ.રૂ.૪૬,૧૬૦/-નો મુદ્દામાલ

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

સર્વેલન્સ સ્કોર્ડ પો.સબ.ઇન્સ શ્રી વી.એમ.ગોહિલ તથા પો.સબ.ઇન્સ શ્રી જે.બી.ચૌહાણ તથા એ.એસ.આઇ સેજલબેન સુરેશભાઇ બ.નં-૧૩૪૯૪ નોકરી-શી ટીમ તથા સાથેના વુ.લોકરક્ષક પુષ્પાબેન રમેશભાઇ બ.નં-૯૮૩૭ તથા વુ.લોકરક્ષક સ્નેહાબેન દેવજીભાઇ બ.નં-૧૧૦૨૮ તથા વુ.લોકરક્ષક વર્ષાબેન નારણભાઇ બ.નં-૧૦૯૩૩ તથા અ.પો.કોન્સ હિતેશકુમાર ગોકળભાઇ બ.નં.૯૯૯૪ તથા અ.પો.કોન્સ હિરેનકૂમાર મધુસુદનભાઇ બ.નં.૧૧૮૦૨ તથા અ.પો.કોન્સ સંજયસિંહ ભરતસિંહ બ.નં-૧૦૧૮૮ તથા અ.પો.કોન્સ ભરતકુમાર વસંતભાઇ બ.નં-૬૮૧૨ તથા લોકરક્ષક કાનભા જગદિશસિંહ બ.નં-૭૦૯૮ તથા લોકરક્ષક લાલાભાઇ દેવાભાઇ બ.નં-૪૮૩ તથા લોકરક્ષક સતીષકુમાર જયંતીભાઇ બ.નં-૫૩૧

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૫૪૬/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૫ કેસ કરી, ૪૭ વ્યક્તિઓને ઝડપી, ૩૫૨ લીટર દેશી દારૂ, ૫૪ બોટલ ઇંગ્લીશ દારૂ, ૦૨ બીયરટીન અને ૦૫ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૯ કેસ કરી, ૨૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૯,૮૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૫૪૭/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૪૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ચોરી :- **સમાચાર યાદી નં.૫૪૮/૨૦૨૧**

દાણીલીમડા : રાકેશભાઇ જયંતીલાલ ઠાકર (રહે.સુમીનનગર સોસાયટી, વસ્ત્રાલ રોડ મહાદેવનગર) તા.૨૩/૦૩/૨૦૨૧ સાંજના ૪/૩૦ થી ૫/૦૦ વાગ્યા દરમ્યાન દાણીલીમડા શેલ પેટ્રોલ પંપની સામે આવેલ "આવડત વોશીંગ" નામની કંપની બહાર પાર્ક કરેલ પોતાની એક્ટીવા ની ડેકીનુ લોક ડુપ્લીકેટ ચાવીથી ખોલી, અજાણી વ્યક્તિ ડેકીમાંથી રોકડ રૂપિયા ૧,૯૭,૭૦૦/- મુકેલ ઓફીસ બેગની ચોરી કરી લઇ નાસી ગઇ છે. આ ગુનાની ફરીયાદ રાકેશભાઇ ઠાકરે દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એન.પી.ગરાસીયા ચલાવે છે.

વાહન અકસ્માતમાં મૃત્યુ : **સમાચાર યાદી નં.૫૪૯/૨૦૨૧**

"એ" ટ્રાફીક પો.સ્ટે. : મુકેશભાઇ રામસાગર વર્મા (ઉ.વ.૩૨)(રહે.અર્ધચામુંડાચોક, ગોતા હાઉસીંગ ગોતા) નાઓ તા.૨૩/૦૩/૨૦૨૧ સવારના ૧૦/૩૦ વાગ્યાના સુમારે **ગોતા થી ઓગણજ સર્કલ તરફ જતા રાજપુત ભવન પહેલા આવેલ જાહેર શૌચાલયની સામે રોડ ઉપર પોતાના મિત્ર માતાપ્રસાદ શીવરાજ પ્રજાપતી નાઓની મોટર સાયકલ પાછળ બેસી પસાર થઇ રહ્યા હતા ત્યારે ડમ્પર ટ્રક નંબર જીજે.૧૮.બી.ટી.૮૫૯૯ ના ચાલકે પોતાના કબજાની ટ્રક પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી લાવી મોટર સાયકલને પાછળથી ટક્કર મારતા, બંને જણા રોડ ઉપર પડી જતા, મુકેશભાઇ ના પેટના ભાગે ટ્રકનુ ટાયર ચડી જતા શરીરે ગંભીર ઇજા થતા સારવાર અર્થે તેમને સિવીલ** હોસ્પીટલ ખાતે લઇ જતા સારવાર દરમ્યાન બપોરના ૧/૨૫ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની ફરીયાદ મરણ જનાર મુકેશભાઇના મિત્ર માતાપ્રસાદ પ્રજાપતિ એ "એ" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોંધાવતા ડમ્પર ચાલક સ્થળ ઉપર મળી આવતા તેને પકડી અટક કરી કાયદેસરની કાર્યવાહી કરેલ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી **એન.એચ.જાડેજા** ચલાવે છે.

"જે" ટ્રાફીક પો.સ્ટે. : ભીખાભાઇ ભાનુભાઇ રાઠોડ(ઉ.વ.૫૭)(રહે.કાંકરીયા ગેટ નંબર.૪ આગળ, કાંકરીયા) નાઓ તા.૧૮/૦૩/૨૦૨૧ સવારના ૧૦/૪૫ વાગ્યાના સુમારે કાંકરીયા ગેટ નંબર.૪ સામે આવેલ રોડ ક્રોસ કરતા હતા દરમ્યાન કોઇ અજાણ્યા મોટર સાયકલ ના ચાલકે પુરઝડપે અને ગફલતભરી રીતે મોટર સાયકલ ચલાવી લાવી ભીખાભાઇને ટકકર મારતા શરીરે ઇજાઓ થતા સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૩/૩/૨૦૨૧ સાંજના ૫/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની ફરીયાદ મરણ જનાર ભીખાભાઇના પુત્ર મનુભાઇ રાઠોડ એ "જે" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વાય.એસ.સિસોદીયા ચલાવે છે.

ખાડામાં પડી જતાં મૃત્યુ : **સમાચાર યાદી નં.૫૫૦/૨૦૨૧**

મણીનગર : રમેશભાઇ મોહનભાઇ પુરબીયા (ઉ.વ.૩૩)(રહે.ભૈરવનાથ હેલ્થ સ્ટાફ કવાર્ટસ ભૈરવનાથ રોડ, મણિનગર) તા.૨૨/૦૩/૨૦૨૧ રાતના ૯/૦૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે મણિનગર ભૈરવનાથ રોડ, ભૈરવનાથ હેલ્થ સ્ટાફ કવાર્ટસ ખાતે આવેલ પંમ્પીગ સ્ટેશનના ખુલ્લા ઉંડા ખાડામા પડી જતા તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે મણીનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.જે.વણઝારા ચલાવે છે.

દાઝી જતાં મૃત્યુ :- **સમાચાર યાદી નં.૫૫૧/૨૦૨૧**

કારંજ : કનુભાઈ મગનભાઈ પટેલ (ઉ.વ.૭૪)(રહે.નંદનવન બંગ્લોઝ, ઝાયડસ હોસ્પીટલની સામે, સોલા) તા.૨૨/૦૩/૨૦૨૧ સાંજના ૬/૩૦ વાગ્યાના સુમારે સ્પેક્ટ્રમ ટાવરમાં દુકાન નંબર ૧૮/૧૯ માં "કિર્તિ એન્જીન્યરીંગ એન્ટરપ્રાઇજ" નામની ફિયોન ગેસની દુકાનમાં કામ કરતા હતા દરમ્યાન કોઇ કારણસર દુકાનમાં આગ લાગતા, શરીરે દાઝી જતા સારવાર માટે તેમને સિવિલ હોસ્પીટલ ખાતે લઇ જતા રાતના ૯/૪૫ વાગે ફરજ પરના ડો.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે કારંજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જી.આર.ભરવાડ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૫૫૨/૨૦૨૧**

સાબરમતી : વિજયભાઇ મહેન્દ્રભાઇ વાઘેલા (ઉ.વ.૩૨)(રહે.પાર્વતીનગર ઇન્ડસ હોસ્પીટલ પાસે, મોટેરા રોડ, સાબરમતી) એ અગમ્ય કારણસર તા.૨૩/૦૩/૨૦૨૧ રાતના ૮/૪૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે એસીડ પી લેતા, સારવાર માટે તેમને સિવિલ હોસ્પીટલ ખાતે લઇ જતા ફરજ પરના ડો.શ્રીએ વિજયભાઇ ને મૃત જાહેર કર્યા હતા. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી એમ.પી.રાઠોડ ચલાવે છે.

વટવા : યાસ્મીનબાનુ વા/ઓ સાહીદખાન પઠાણ (ઉ.વ.૨૯)(૨હે. કુત્બેઆલમનગ૨, વટવા) એ અગમ્ય કા૨ણસ૨ તા.૨૩/૦૩/૨૦૨૧ સવા૨ના ૧૦/૩૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જે.કે.રાઠોડ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટ૨,
કંટ્રોલરૂમ, અ'વાદ શહે૨.
પોલીસ કમિશન૨ વતી